# મહિલાઓ

## સમાજ સેવા ક્ષેત્ર

| | |
|---|---|
| 1 | **ઈલા પાઠક** :– સ્ત્રી સ્વાતંત્ર્યના પ્રખર હિમાયતી જેઓ અવાજ સંસ્થા સફળતા પૂર્વક ચલાવી સ્ત્રી હક્કના મુદ્દે લોક જાગૃતિ લાવ્યા છે. |
| 2 | **ઈલા ભટ્ટ** :– તેઓએ મહિલા વિકાસ માટે અદ્વિતિય ફાળો આપ્યો છે.<br>અસંગઠિત મહિલાઓને સ્વરોજગારીની તક ઉપલબ્ધ કરાવવા માટે ૧૯૭૨ માં ' સેવા' (સેલ્ફ એમ્પલોઈડ વુમેન્સ એસોસિએશન ) ની સ્થાપના કરી જે ભારતના વિવિધ રાજયોમાં વિવિધ સહકારી સંસ્થાઓના માધ્યમથી કાર્યરત છે.<br>ઈલા ભટ્ટ ભારતમાં માઈક્રો ફાઈનાન્સ પોગ્રામના જનની ગણાય છે. તેમણે ૧૯૭૪માં મહિલા સહકારી બેન્કની સ્થાપના કરી. જેના મારફતે સ્વરોજગાર મહિલા કામદારોને શાખની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે. સ્વરોજગાર મહિલાઓ માટે રાષ્ટ્રીય આયોગની સ્થાપના કરી.<br>તેમને ૧૯૭૭માં રેમન મેગ્સેસે પુરસ્કાર તથા ૨૦૧૧ માં ઈંદીરા ગાંધી શાંતિ પુરસ્કાર ઉપરાંત પદ્મશ્રી, પદ્મભુષણ, રાઈટ લાઈવલી હુડ વગેરે પુરસ્કાર મળ્યા છે. તેઓ ન્યુયોર્ક રોક ફલેવર ફાઉન્ડેશન, વિશ્વ આરોગ્ય સંગઠન ( WHO) તથા મહિલા આયોગના સભ્ય છે. |
| 3 | **પદ્મા જયકૃષ્ણ** : તેઓ જાણીતા સમાજ સેવિકા છે. તેમણે જયોતિસંઘ, મહિપતરામ આશ્રમ, ધરતી વિકાસ મંડળ, ગુજરાત સારવાર કેન્દ્ર,અખિલ હિન્દ મહિલા પરિષદ, રેડક્રોસ અમદાવાદ વગેરે સંસ્થાઓ સાથે મળીને કામ કર્યુ છે. |
| 4 | **અનુબેન ઠક્કર** : તેમણે દુઃખી અને પીડિતોની સેવા માટે તથા આરોગ્યને લગતા કાર્યો કર્યા છે. તેમના પ્રયાસોથી ગોરજ મુનિ સેવા આશ્રમ ૬૫ એકર વિસ્તરેલો છે તથા ત્યાં કેન્સરની હોસ્પિટલ ઘ્વારા સેવા અપાઈ રહી છે. |
| 5 | **મૂદુલાબેન સારાભાઈ** :(૧૯૧૧–૧૯૭૪) તેઓ ગર્ભ શ્રીમંત અંબાલાલ સારાભાઈના પુત્રી તથા ડૉ.વિક્રમ સારાભાઈના બહેન હતા. આમ શ્રીમંત હોવા છતાં સમાજ સેવામાં આજીવન લીન રહયા હતા. ભારતની સ્વાતંત્ર્યત્ર્ય ચળવળમાં ભાગ ભજવ્યો હતો.<br>અમદાવાદ માં મહિલાઓના વિકાસ માટે 'જયોતિસંઘ' નામની સંસ્થા તથા વિકાસ ગૃહની સ્થાપના કરી હતી. આ ઉપરાંત તેમણે ગાંધીના મંત્રી તરીકે, આયોજન પંચમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીમાં સેવા આપી હતી. તથા ભારત–પાકિસ્તાન વિભાજન સમયે અપહયતોની પુનઃ પ્રાપ્તિ માટે અગત્યની ભૂમિકા ભજવી હતી. |
| 6 | **ચારુમતી યોદ્ધા** : તેઓએ સમાજસેવા અને ખાસ સ્ત્રી વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો હતો. ઉપરાંત સ્વાતંત્ર્ય ચળવળમાં પણ ભાગ લીધેલ હતો.<br>જયોતિસંઘમાં આવતી પીડીત મહિલાઓને મદદરૂપ થતા. |
| 7 | **પૂર્ણિમાબહેન પકવાસા** : તેઓએ ડાંગની આદિવાસી કન્યાઓના વિકાસ માટે મહત્વપૂર્ણ પ્રયાસો કર્યા હતા. ડાંગમાં આદિવાસી કન્યાઓના વિકાસ માટે ઋતુભરા વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. તેમની લોકપ્રિયતાને કારણે તેઓ 'ડાંગની દીદી' ના ઉપનામે ઓળખાય છે.<br>તેઓએ સ્વાતંત્ર્ય લડતમાં પણ ભાગ લીધેલ તથા જેલવાસ દરમિયાન કસ્તુરબાને અક્ષરજ્ઞાન મેળવવા મદદ કરી હતી. |
| 8 | **અરુણાબેન દેસાઈ (૧૯૨૪–૨૦૦૭)** તેઓ એક જાણીતા સમાજસેવિકા હતા. તેમણે પુષ્પાબહેન મહેતા એ વઢવાણ માં નિરાધાર ગરીબ બહેનો તથા બાળકોના વિકાસ માટે શરૂ કરેલ વિકાસ વિદ્યાલય ની |

www.marugujarat.in

| | |
|---|---|
| | જવાબદારી નિષ્ઠાપુર્વક નિભાવી હતી. હાલમાં ત્યાં મહિલાઓને પગભર થવાના વ્યવસાય લક્ષી કાર્યક્રમો તથા અનેક શાખાઓના કાર્યક્રમો ચાલે છે. |
| 9 | **પુષ્પાબહેન મહેતા :** તેઓ મૃદુલાબેન સારાભાઈ દ્વારા સ્થાપિત જયોતિસંઘમાં જોડાયા હતા તથા વિકાસ ગૃહની સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી.<br>સૌરાષ્ટ્રમાં નિરાશ્રિત મહિલાઓના આશ્રય માટે વઢવાણમાં 'વિકાસ વિદ્યાલય' હળવદમાં 'પંચોલી પ્રગતિ ગૃહ' રાજકોટમાં 'કાન્તા વિકાસ ગુહ' જુનાગઢમાં શિશુમંગલ જેવા નારીગૃહ તથા અનાથાશ્રમોની સ્થાપના કરી હતી.<br>તેઓએ સ્વાતંત્ર્ય ચળવળમાં પણ ભાગ લીધો હતો તથા જુનાગઢ પ્રશ્ને આરઝી હકુમત વતી ભુગર્ભ પ્રવૃતિમાં સક્રિય રહયા હતા.<br>અલગ સૌરાષ્ટ્ર રાજયની સ્થાપના થઈ ત્યારે તેની વિધાનસભાના પ્રથમ સ્પીકર પદે નિમાયા હતા.<br>તેઓને પદ્મભુષણ (૧૯૫૫) પુરસ્કાર, જાનકી દેવી બજાજ પુરસ્કાર (૧૯૮૩) વગેરે અપાયેલા છે. |
| 10 | **દુર્ગાબાઈ દેશમુખ :** તેઓ અગ્રણી સમાજસેવિકા હતા. તેમનો જન્મ કાકીનાડા (આંધ્ર) ના એક મધ્યમ વર્ગીય પરિવારમાં થયો હતો.<br>તેમણે ૧૯૩૭માં મદ્રાસમાં આંધ્ર મહિલા સભાની સ્થાપના કરી હતી. જે હાલમાં હોસ્પિટલો તથા શાળા–કોલેજો ચલાવે છે.<br>આઝાદી પછી સંસદ સભ્ય બનેલા તથા ૧૯૫૩માં સોશિયલ વેલ્ફેર બોર્ડની સ્થાપના કરી જે શિક્ષણ, પીડીત મહિલાઓનું પુર્નવસન, વિવિધ તાલીમ વગેરે કાર્યો કરે છે. તેમને સાક્ષરતા પ્રચાર માટે યુનેસ્કો તરફથી પુરસ્કાર મળ્યો હતો. |
| 11 | **લીનાબેન મંગળદાસ :** તેઓ ગર્ભ શ્રીમંત અંબાલાલ સારાભાઈના પુત્રી હતા. તેમણે ઘરવિહોણા બાળકો માટે ભારતમાં પ્રથમ એવું 'શ્રેયસ બાલગ્રામ' ની સ્થાપના કરી હતી. ઉપરાંત મહિલાઓ માટે 'શ્રેયસ સરલા કેન્દ્ર' શરૂ કર્યુ હતું ? |
| 12 | **મધર ટેરેસા (૧૯૯૦–૧૯૯૭)** તેમનો જન્મ યુગોસ્લાવિયાના સ્કોપજે ગામમાં એક આલ્બેનિયમ દંપતીને ત્યાં થયો હતો. તેમનું મુળ નામ એગ્નેસ ગોન્કસા બોજા હતું. તેઓ ૧૬ વર્ષની ઉંમરે ઘર છોડીને સાધવી ( Nun ) બનવા ડબલીન (આર્યલેન્ડ) ના કેથલીક ચર્ચમાં ગયા અને સાધવી બન્યા.<br>૧૯૨૮–૨૯માં ભારત આવ્યા અને કોલકાતાની સેંટ મેરી કોન્વેન્ટ સ્કુલમાં શિક્ષણ આપવા લાગ્યા. પછીથી તેઓ કોલકાતાના ગંદા, દીનહીન, વિસ્તારોમાં ઉધ્ધાર માટે સેવાઓ આપવા લાગ્યા તથા જીવનભર દીન દુઃખિયાની સેવાને જીવનનો મુખ્ય ઉદેશ બનાવ્યો.<br>તેમને ૧૯૬૨માં ભારતનું નાગરિકત્વ આપવામાં આવ્યું તથા પદ્મશ્રી પુરસ્કાર અપાયો.<br>૧૯૮૦માં તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પડાઈ.<br>તેમને રેમન મેગ્સેસ પુરસ્કાર (૧૯૬૨), શાંતિનો નોબેલ પુરસ્કાર (૧૯૭૯), ભારત રત્ન પુરસ્કાર (૧૯૮૦), જવાહરલાલ નહેરૂ પારિતોષિક (૧૯૭૨) એનાયત કરાયા હતા. |
| 13 | **સિસ્ટર એલફોન્સા :** તેમનો જન્મ કેરળના કુન્દ્રામલોર ગામમાં થયેલ. તેમણે સાધવી ( Nun ) બની માનવ સેવાના કાર્યો કર્યા હતા. ૧૯૮૬ માં પોપ જહોન બીજાએ તેમણે મરણોત્તર માન આપ્યું હતું. તેઓ આવું માન મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે. |
| 14 | **સિસ્ટર નિવેદિતા (૧૮૬૭–૧૯૧૧)** તેમનો જન્મ ઉત્તર આર્યલેન્ડમાં થયો હતો. તેઓ ૧૮૯૫માં સ્વામિ વિવેકાનંદના સંપર્કમાં આવ્યા તથા તેમના શિષ્ય બન્યા હતા. સ્વામી વિવેકાનંદના મૃત્યુ બાદ રામકૃષ્ણ મિશનની સંપૂર્ણ જવાબદારી નિભાવીને લોકસેવાના કાર્યો કર્યા હતા તથા સ્વાતંત્ર્ય ચળવણમાં પણ ભાગ લીધો હતો. |
| 15 | **ધ મધર (પોંડિચેરી)–માતાજી.** તેમનો જન્મ પેરીસમાં થયો હતો. નાનપણથી જ અધ્યાત્મ તરફના |



www.marugujarat.in

For More Free Study Materials Visit www.marugujarat.in

| | |
|---|---|
| | લગાવને પરિણામે ભારત આવ્યા તથા શ્રી અરવિંદના સંપર્ક પછી તેમના અનુયાયી બન્યા હતા. પોંડીચેરીના અરવિંદ આશ્રમમાં આધ્યાત્મિક ગુરુ બન્યા. તેમણે વિશ્વશાંતિ અને કલ્યાણના ઘણાં કાર્યો કર્યા. |
| 16 | **ચંદાબેન શ્રોફ : (૧૯૩૩)** કચ્છમાં વારંવાર પડતા દુષ્કાળને કારણે તેમણે કચ્છની કલાકારી વિકસાવવા પ્રયત્નો કર્યા જેથી કચ્છની મહિલાઓ રોજગારી મેળવી સન્માનપૂર્વક જીવી શકે.<br>તેમણે ગામડા અને શહેરો વચ્ચે સેતુ સમાન શ્રુજનને શરૂઆતમાં સ્વમૂડીથી કાર્યાન્વિત કર્યુ. સમય જતા શ્રુજન ગૃહ ઉદ્યોગ બન્યું અને ઉત્તર ગુજરાતમાં પણ ફેલાયું હતું. તેમણે મુંબઈના દોરાબજી તાતા ટ્રસ્ટની મદદથી કચ્છી ભરતની કલાકારીનું સંગ્રહ સ્થાન પણ બનાવ્યું.<br>તેમને અનેક પુરસ્કારો મળ્યા છે પરંતુ રોલેક્ષ પુરસ્કાર મેળવનાર તેઓ સૌ પ્રથમ ભારતીય મહિલા છે. |
| 17 | **શારદાબેન મહેતા :** તેમણે કેળવણી મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે. તેઓ તથા તેમના બહેન વિદ્યાગૌરી નીલકંઠ સૌ પ્રથમ ગ્રેજ્યુએટ થનાર ગુજરાતી મહિલાઓ છે.<br>તેઓએ સત્યાગ્રહ લડતમાં પણ મહત્વનું યોગદાન આપ્યું હતું.<br>૧૯૧૭માં તેમણે વેઠ પ્રથા સામે ઝુંબેશ ચલાવી હતી. તેમણે અમદાવાદમાં ખાદી મંદિર તથા વડોદરામાં ચીમનભાઈ સ્ત્રી સમાજની સ્થાપના કરી હતી. |
| 18 | **વિરબાળાબેન નાગરવાડિયા :** તેમણે વ્યવસાયી મહિલાઓ માટે હોસ્ટેલ તથા મહિલા સહાયક મંડળીની સ્થાપના કરી હતી. અમદાવાદમાં જીવનસંધ્યા નામનો વૃદ્ધાશ્રમ સ્થાપ્યો હતો તથા જે વૃદ્ધો કામ કરી શકે તેમ હોય તેમના માટે હાથશાળનો એક પ્રોજેકટ ચાલુ કર્યો હતો.<br>તેમણે સત્યાગ્રહ ચળવળ તથા મહાગુજરાત આંદોલનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. |
| | **સ્વાતંત્ર્ય સેનાની** |
| 1 | **સરોજિની નાયડુ (૧૮૭૯–૧૯૪૯)**<br>તેઓ સ્વાતંત્ર્ય સેનાની ઉપરાંત કવિયત્રી પણ હતા. તેમનો જન્મ હૈદરાબાદમાં થયેલ. તેમણે ઉચ્ચ અભ્યાસ ઈન્ગ્લેન્ડમાં કર્યો હતો. ડાં. ગોવિંદ રાજીલું નાયડું સાથે લગ્ન કર્યા હતા.<br>તેમણે જીવન પર્યત દેશની પ્રત્યેક કટોકટીમાં ગાંધીના નેતૃત્વમાં સ્વાતંત્ર્ય ચળવળમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.<br>તેઓ INC અધિવેશનના પ્રમુખ બનનાર પ્રથમ ભારતીય મહિલા હતા.<br>તેઓ ભારતની બુલબુલ તરીકે પ્રસિદ્ધ થયા છે. તેમના કાવ્યસંગ્રહોમાં ગોલ્ડન થ્રેસોલ્ડ, બ્રોકનવિંગ, બર્ડ ઓફ ટાઈમ, 'પોઓમ્સ ઓઈ લાઈફ એન્ડ ડેથ' વગેરેનો સમાવેશ થાય છે.<br>આઝાદી પછી તે ઉત્તર પ્રદેશના ગવર્નર બન્યા હતા. આમ તે કોઈપણ રાજયના પ્રથમ મહિલા ગવર્નર હતા. |
| 2 | **અરૂણા અસફઅલી (૧૯૦૯–૧૯૯૬)** તેમનો જન્મ હરિયાણાના કાલકા ગામમાં બંગાળી બ્રહ્મસમાજ કુટુંબમાં થયો હતો. તેમણે સામાજિક રીત રીવાજોથી વિરુધ્ધ જઈ ૧૯ વર્ષની ઉંમરે તેમનાથી ૨૦ વર્ષ મોટા પ્રખ્યાત વકીલ અસફઅલી સાથે લગ્ન કરેલ.<br>તેમણે ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. તેઓ થોડો સમય CPI ના સક્રિય સભ્ય પણ રહેલા તથા લિંક અને પેટ્રિયેટના ચેરમેન પણ બનેલા.<br>તેઓ બાપુની અરૂણા તરીકે પ્રખ્યાત થયેલા. ૧૯૫૬માં દિલ્હી નગર નિગમમાં પ્રથમ મેયર બન્યા હતા.<br>તેમણે ૧૯૯૭માં મરણોપરાંત ઉપરાંત 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત કરાયો હતો. આ ઉપરાંત તેમને લેનિન શાંતિ પુરસ્કાર (૧૯૬૫), ઈન્દિરા ગાંધી પુરસ્કાર (૧૯૮૭), નહેરુ પુરસ્કાર (૧૯૯૨) વગેરે મળ્યા હતા. |
| 3 | **એની બેસન્ટ :** (૧૮૪૭–૧૯૩૩) તેઓ મુળ આયરિશ હતા. પરંતુ ભારતીય સંસ્કૃતિથી આકર્ષાય ભારત આવેલા અને થિયોસોફિકલ સોસાયટીની સંપૂર્ણ જવાબદારી નીભાવી હતી. |

w w w . m a r u g u j a r a t . i n

| | |
|---|---|
| | તેઓ ભારતની આઝાદીના પ્રખર હિમાયતી હતા આથી તેમણે ૧૯૧૬માં હોમરુલ લીગની સ્થાપના કરી સ્વાતંત્ર્ય ચળવળમાં મહત્વપુર્ણ યોગદાન આપેલું તથા 'કોમનવીલ' અને 'ન્યુ ઈન્ડિયા' નામના બે સામાયિક પત્રો શરૂ કર્યા હતા.<br>તેમણે ઈન્ડિયન સ્કાઉટ એસોસીએશનની સ્થાપના કરી હતી.<br>તેઓ ૧૯૧૭માં INC ના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા હતા. |
| 4 | **પ્રીતિલતા વાડેદાર :** તેમનો જન્મ ચિતાગોગ (હાલ બાંગ્લાદેશમાં) થયો હતો.<br>તેઓ ઉગ્ર કાંતિકારી સુર્યસેનના નેતૃત્વમાં બંગાળમાં ક્રાંતિકારી પ્રવૃતિ સાથે સંકળાયેલા હતા. સૂર્યસેને પહરતાલી યુરોપિયન કલબ પર હુમલો કર્યો તેમાં તેણે કલ્પના દત સાથે મળીને મહત્વની ભૂમિકા ભજવી હતી. સૂર્યસેન પકડાઈ જવાથી તેમને મૃત્યુદંડ થયો પરંતુ પ્રિતલતા અંગ્રેજોના હાથ માં ન આવે તેથી સાઈનાઈડની ગોળી ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. |
| 5 | **સૂચેતા કૃપલાણી (૧૯૦૮–૧૯૭૪)**<br>તેમનો જન્મ અંબાલાના બંગાળી કુટુંબમાં થયેલો તથા તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU) માં લેકચરર તરીકે જોડાયા હતા.<br>તેમણે ૧૯૩૬માં આચાર્ય કૃપલાણી સાથે લગ્ન કર્યા અને INC ના સક્રિય સભ્ય બની સ્વાતંત્ર્ય ચળવળમાં પોતાનું યોગદાન આપ્યું હતું તથા બંધારણ સભામાં પણ તેઓ ચુંટાયા હતા.<br>૧૫ ઓગષ્ટ ૧૯૪૭ ના દિવસે તેમણે બંધારણ સભામાં વંદેમાતરમ ગાયું હતું.<br>તેઓ ૧૯૫૨ અને ૧૯૫૭માં લોકસભામાં ચુંટાયેલા તથા ૧૯૬૩માં ઉત્તર પ્રદેશ ના મુખ્યમંત્રી બન્યા હતા. આમ તે કોઈપણ રાજયના મુખ્યમંત્રી બનનાર પ્રથમ મહિલા હતા. |
| 6 | **કસ્તુરબા ગાંધી : (૧૮૬૯–૧૯૪૪)**<br>તેમણે ૧૩ વર્ષની ઉંમરે ગાંધીજી સાથે લગ્ન કર્યા હતા.<br>તેમણે જીવતપર્યન્ત ગાંધીજીની સાથે રહીને તેમની અંગત દેખભાળ સહિત ગાંધીએ ઉપાડેલી તમામ પ્રવૃત્તિઓમાં સક્રિય સાથ આપ્યો હતો.<br>તેઓ નિરક્ષર હતા પરંતુ ગાંધીજીએ તેમને અક્ષરજ્ઞાન આપ્યું હતું.<br>૨ ફેબ્રુઆરી ૧૯૪૪ ના દિવસે આગાખાન મહેલ જેલમાં ગાંધીના ખોળામાં તેમનું મૃત્યુ થયું. |
| 7 | **રાજકુમારી અમૃતકૌર (૧૮૮૯–૧૯૬૪) :**<br>તેમનો જન્મ કપુરથલાના રાજવી કુટુંબમાં થયો હતો.તેમના પિતા રાજા હરનામસિંહ હતા.તેઓ ઈન્ગલેન્ડથી શીક્ષણ લઈ ભારત પાછા ફરીને INC ના સક્રિય સભ્ય બનીને રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લીધો હતો.<br>આઝાદી પછી ૧૯૪૭માં રચાયેલા પ્રથમ કેબીનેટમાં આરોગ્ય પ્રધાન બન્યા. આમ તેઓ સ્વતંત્ર ભારતના મંત્રી મંડળમાં કેબિનેટ મંત્રી બનનાર પ્રથમ મહિલા હતા.<br>આરોગ્ય મંત્રી તરીકે તેમણે દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ( AIIMS ) ની સ્થાપના કરી હતી. તેઓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ તથા રેડક્રોસ સોસાયટીના ચેર પર્સન તરીકે પણ રહયા હતા. |
| 8 | **મેડમ ભીખાઈજી કામા (૧૮૬૧–૧૯૩૬)**<br>તેમનો જન્મ મુંબઈમાં પારસી કુટુંબમાં થયો હતો. ૧૮૯૬માં મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. જેમાં ભીખાઈજી પીડિતોની સેવામાં લાગતા ચેપગ્રસ્ત બન્યા આથી તેઓ ૧૯૦૨માં સારવાર માટે ઈન્ગ્લેન્ડ ગયા અને ત્યાં શ્યામજી કૃષ્ણ વર્મા ના સંપર્કથી તેમનામાં ભારતની સ્વતંત્રતા પ્રત્યે તીવ્ર દેશદાઝ જાગી.<br>પેરિસમાં તેઓ સાવરકર, લાલહરદયાળ, જેવા ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા તથા ૧૯૦૫માં જીનીવાથી 'વંદેમાતરમ' નામે એક સાપ્તાહિક શરૂ કર્યુ. ૧૯૦૬માં યુ.એસ.એ.માં ઉશ્કેરણી જનક ભાષણો બદલ બ્રિટિશ સરકારે તેમનો ભારત પ્રવેશ પર પ્રતિબંધ મૂકયો.<br>૧૯૦૭માં સ્ટુટગાર્ટ (જર્મની) માં વિશ્વ સમાજવાદી કોંગ્રેસ મળી જેમાં તેમણે ભાગ લીધો જેમાં ભારતના રાષ્ટ્ર |

www.marugujarat.in



For More Free Study Materials Visit www.marugujarat.in

| | |
|---|---|
| | ધ્વજ તરીકે તેમણે બ્રિટનના યુનિયન જેકના બદલે પોતે બનાવેલો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.<br>૧૯૧૪માં તેમની ફ્રેન્ચ સરકારે ધરપકડ કરી અને પ્રથમ વિશ્વયુધ્ધ પુરુથયુ ત્યાં સુધી તેમને કેદ રાખવામાં આવ્યા. ૧૯૩૫માં તેમના પર લગાવેલા પ્રતિબંધો હટાવાયા અને ૩૫ વર્ષનો દેશવટો ભોગવ્યા પછી ભારત આવ્યા અને ૧૯૩૬માં બિમારીથી મૃત્યુ પામ્યા. |
| 9 | **કેપ્ટન લક્ષ્મી સહગલ (સ્વામીનાથન) (૧૯૦૪–૨૦૧૨)**<br>તેઓ શિંગાપુરમાં ડૉકટર તરીકે પ્રેકિટસ કરતા હતા તથા સુભાષચંદ્ર બોઝના સંપર્કમાં આવ્યા બાદ બધુ છોડીને આઝાદ હિંદ ફોજ (INA) માં જોડાયા તથા સુભાષચંદ્ર બોઝે તેમને રાણી ઝાંસી રેજિમેન્ટ તરીકે ઓળખાતા INA ના મહિલા દળના કેપ્ટન બનાવ્યા. આમ તેણે બ્રિટિશ સૈન્ય વિરુધ્ધ લડાઈમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.<br>૧૯૯૮માં તેમણે પદ્મવિભુષણ પુરસ્કાર એનાયત કરાયો હતો. |
| 10 | **મણિબેન પટેલ : (૧૯૦૩–૧૯૯૦)**<br>તેઓ સરદાર વલ્લભભાઈ પટેલના પુત્રી હતા. તેમણે સત્યાગ્રહની લડતમાં ગાંધીની હાકલને માન આપીને દારૂના પિઠા પર પિકેટીંગ, વિદેશી કાપડની હોળી વગેરે જેવા કાર્યો કર્યા હતા તથા સરકારી શાળા છોડીને ગુજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા હતા. તેમની ૧૯૨૮ માં ગુજરાત વિદ્યાપીઠ મંડળમાં સભ્ય તરીકે ગાંધી એ નિમણૂંક કરી હતી.<br>તેમના પિતા સાથે અંતકાળ સુધી સેવામાં રહયા હતા તથા સરદાર પટેલના અવસાન પછી રાષ્ટ્રીય વનમાં સક્રિય રહી ૧૯૫૨–૬૨ અને ૧૯૭૩–૭૭ સુધી લોકસભા અને ૧૯૬૪–૭૦ સુધી રાજયસભાના સભ્ય રહયા હતા. |
| 11 | **દુર્ગા ભાભી :**<br>તેઓ ક્રાંતિકારી ભગવતી ચરણના પત્ની હતા. તેમના પતિ ગુજરાતના નાગર બ્રાહ્મણ હતા.<br>તેમના પતિના અવસાન પછી તેઓ ક્રાંતિકારીઓ વચ્ચેનું સંપર્ક માધ્યમ હતા તથા તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે મહિલાઓને સક્રિય કરી હતી. ક્રાંતિકારીઓને સહાયક કાર્યો કરતા તેમણે ભગતસિંહને અંગ્રેજોથી બચાવવા તેમની પત્નીનો સ્વાંગ રચ્યો હતો. |
| 12 | **ઉષા મહેતા : (૧૯૨૦–૨૦૦૦)**<br>તેમણે હિંદ છોડો આંદોલનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. ગાંધીના કહેવાથી અત્યંત ગુપ્તમાં ભૂગર્ભ રેડિયો મથક સ્થાપ્યું હતું જે પ્રજામાં ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. |
| 13 | **હંસા મહેતા : (૧૮૯૭–૧૯૯૫)**<br>તેમણે દાંડીકુચ સહિત સત્યાગ્રહ લડતમાં સક્રિય કામગીરી નિભાવી હતી. ઉપરાંત ૧૯૪૦–૪૧માં વ્યકિતગત સત્યાગ્રહમાં તેમને જેલની સજા પણ થઈ હતી . ૧૯૪૪માં કમલાદેવી ચટોપાધ્યાયના અધ્યક્ષ હેઠળ મળેલ અખિલ હિંદ મહિલા પરિષદમાં નાગરિક સ્વાતંત્ર્ય વિશે જુસ્સાદાર ભાષણ આપ્યું હતું.<br>તેઓ ગુજરાતમાં વાઈસ ચાન્સેલર બનનાર પ્રથમ મહિલા છે. તેઓ એમ.એસ.યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા હતા.<br>૧૯૪૭માં તેમની UNO ખાતે ભારતીય પ્રતિનિધિ તરીકે નિમણૂંક થઈ હતી.<br>તેમણે ડૉ. જીવરાજ મહેતા સાથે આંતર જ્ઞાતિય લગ્ન કર્યા હતા. |
| | **કલાક્ષેત્ર** |
| 1 | **વિભા દેસાઈ :** તેમણે સુગમ સંગીત , ભજન, ગરબા, શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે મહત્વનું યોગદાન આપેલ છે. |

www.marugujarat.in

| | |
|---|---|
| | તેમને કાશીનો દિકરો ફિલ્મમાં આપેલા ગીત બદલ ગુજરાત સરકાર ધ્વારા શ્રેષ્ઠ ગાયિકાનો પુરસ્કાર એનાયત કરાયો હતો. |
| 2 | **હર્ષિદા રાવલ:**<br>તેઓ ગુજરાતના સુગમ સંગીતના પ્રસિદ્ધ ગાયિકા છે. તેમણે ૧૦૦ થી વધુ ગુજરાતી ફિલ્મોમાં ગીતો ગાયેલા છે. સંગીત નાટક એકેડમી ગુજરાત ધ્વારા ગૌરવ પુરસ્કાર પણ અપાયો હતો. |
| 3 | **દિવાળી બેન ભીલ :**<br>તેઓ અભણ હતા છતા તેમના મધુર કંઠથી વિસ્મૃત થયેલા ગુજરાતી લોકગીતોને તેમણે ફરી સજીવન કર્યા.જુનાગઢમાં તેમને નવરાત્રી દરમિયાન ગીતો ગાતા આકાશવાણીના અધિકારીઓએ સાંભળ્યા અને તેમને આકાશવાણીમાં ગીતો ગાવાનું આમંત્રણ આપ્યું ત્યારથી તેમણે અનેક ગુજરાતી ફિલ્મોમાં ગીતો ગાયા છે.<br>સૌ પ્રથમ તેમણે 'જેસલ–તોરલ' ફિલ્મમાં ગીત ગાયું. તેમાં 'પાપ તારુ પરકાશ જાડેજા' ગીત ખુબજ લોકપ્રિય બન્યું છે.<br>તેમને લલિત કલા અકાદમી ધ્વારા ગૌરવ પુરસ્કાર, ભારત સરકાર ધ્વારા ૧૯૯૧માં પદ્મશ્રી પુરસ્કાર વગેરે આપવમાં આવેલ છે. |
| 4 | **મીરાંબાઈ (૧૪૯૮–૧૫૬૫) :**<br>તેમનો જન્મ મેડતાના રાજા રતનસિંહને ત્યાં થયો હતો. તેમના લગ્ન રાણાસાંગાના પુત્ર ભોજરાજ સાથે થયા હતા. પતિના આકસ્મિક મૃત્યુ પછી તેઓ વૃંદાવન જઈ દ્વારકા ગયા હતા  અને કૃષ્ણ ભકિતમાં લીન થઈ અનેક પદોની રચના કરી હતી.<br>તેમણે લગભગ અઢીસો જેટલા પદોની રચના કરી હતી. રમકડું જડિયું રે, પગ ઘુંઘરું બાંધ મીરા નાચી રે, વુંદાવનકી કુંજ ગલિનમે, મેરે તો ગિરધર ગોપાલ દુસરા ન કોઈ, રામ રતન ધન પાયો વગેરે લોકપ્રિય બન્યા છે. |
| 5 | **એમ.એસ.સુબ્બાલક્ષી (૧૯૧૬–૨૦૦૫)**<br>તેઓ ભારતીય સંગીત અને ખાસ કરીને કર્ણાટકી સંગીતના ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા હતા.<br>તેઓ રાગ, તાલ અને રચના એમ ત્રણેય ઘટકો પર પ્રભુત્વ ધરાવતા હતા.<br>તેમણે આકાશવાણી, દુરદર્શનના સંગીત કાર્યક્રમો, અનેક ફિલ્મોમાં નિર્માત્રી તરીકે કામ કર્યુ હતું.<br>તેમને પદ્મ ભુષણ, (૧૯૫૪), પદ્મ વિભુષણ, (૧૯૭૫) રેમન મેગ્સેસે પુરસ્કાર (૧૯૭૪) રાષ્ટ્રપતિ પુરસ્કાર (૧૯૫૬)  વગેરે તથા ૧૯૯૮માં ભારતરત્ન પુરસ્કાર આપવામાં આવ્યો હતો. |
| 6 | **બેગમ અખ્તર :**<br>તેઓ પ્રખ્યાત ગઝલ ગાયક હતા. તેમને કવીન ઓફ ગઝલ્સ તરીકે  ઓળખવામાં આવે છે. |
| 7 | **નિરૂપમા શેઠ :**<br>તેઓએ સંગીત ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપેલ છે. તેઓએ ગાયેલું ગીત ઘનશ્યામ ગગનમાં ટમટમ તારા ટમકે ખુબ લોકપ્રિય બન્યું હતું. તેઓ ધ્વારા મેઘાણી ઉત્સવ, ટાગોર સપ્તાહ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. |
| 8 | **હંસા દવે :**<br>તેઓ  સુગમ સંગીતના પ્રખ્યાત ગાયિકા છે. તેમને ગુજરાતી ફિલ્મ 'કંકુ' માટે ગીતો ગાવા બદલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. |
| 9 | **લતા મંગેશકર : (૧૯૨૯)**<br>તેમનો જન્મ ઈંદોરમાં થયો હતો. તેમને ભારતીય સ્વર કોકીલા તરીકે ઓળખવામાં આવે છે. |

www.marugujarat.in

| | |
|---|---|
| | તેઓ સૌથી વધુ ગીતો ગાવાનો વિક્રમ ધરાવે છે. તેમણે પોતાનું પ્રથમ ગીત ૧૯૪૨માં મરાઠી ફિલ્મ કિતી હસાલમાં ગાયું હતું.<br>તેમણે જયારે ત્રિમૂર્તિ ભવનમાં 'એય મેરે વતન કે લોગો' ગીત ગાયુ હતું ત્યારે નેહરુની આંખમાં પણ આંસુ આવી ગયા હતા.<br>તેમણે ગુજરાતી ગીતો પણ ગાયા છે. જેવાકે દીકરી તો પારકી થાપણ કહેવાય, વૈષ્ણવ જન, ઓધાજી રે મારા વાલાને, માને તો મનાવી લેજો રે…<br>તેમને રાજીવ ગાંધી પુરસ્કાર (૧૯૪૭) દાદા સાહેબ ફાળકે પુરસ્કાર,(૧૯૮૯) પદ્મ વિભુષણ (૧૯૯૯),તથા ભારત રત્ન પુરસ્કાર (૨૦૦૧) એનાયત કરવામાં આવેલ છે. |
| 10 | **કાનન દેવી :**<br>તેઓ બંગાળની સુપ્રસિદ્ધ ગાયિકા અને અભિનેત્રી છે. તેમને ૧૯૭૭માં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરાયો હતો. |
| 11 | **અંજલિ મેઢ : (૧૯૨૯–૧૯૭૯)**<br>ગુજરાતમાં ભરત નાટયમનો પ્રારંભ તેમના ફાળે જાય છે. તેમણે અડિયાર ખાતે રૂકિમણી દેવી સ્થાપિત કલા ક્ષેત્રમાં નૃત્ય તાલીમ લીધેલી તથા કનૈયાલાલ મુનશી સ્થાપિત ભારતીય વિદ્યાભવનની નર્તન વિદ્યાપીઠના પ્રથમ આચાર્ય બન્યા હતા. |
| 12 | **સ્મિતા શાસ્ત્રી :**<br>તેઓ ભરતનાટયમ અને કુચીપુડી નૃત્યકાર છે. તેમણે નૃત્ય ધ્વારા સમાજસેવા કરવાનો નિર્ણય લીધેલ જે માટે અમદાવાદમાં ૧૯૭૧માં નર્તન સ્કુલ ઓફ કલાસિકલ ડાન્સ એકેડમી શરૂ કરી હતી.<br>તેમને ગુજરાત સરકાર તરફથી ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. |
| 13 | **સવિતા મહેતા :**<br>તેમણે મણીપુરી નૃત્યશૈલીના વિકાસ માટે મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે.તેમણે મણિપુરના મૌખિક રૂપે ઉપલબ્ધ તાલ અને રાગનું સંશોધન કરી દશકોષ નામનો ગ્રંથ તૈયાર કર્યો. જે બદલી ગુજરાત સરકાર ધ્વારા તેમને તામ્રપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.<br>તેમને મણિપુરી સાહિત્ય પરિષદ ધ્વારા નૃત્ય રત્ન પુરસ્કાર, વિશ્વ ગુર્જર પુરસ્કાર વગેરે આપવામાં આવ્યા હતા. તથા ભૂતર્પર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલ સિંઘ ધ્વારા યોગ શિરોમણી ઉપનામ અપાયું હતું. |
| 14 | **અલારમેલ વલ્લી :**<br>તેઓ ભરતનાટયમના નૃત્યકાર છે. તેમને નૃત્ય ચુડામણી , પદમશ્રી, સંગીત નાટક એકેડમી પુરસ્કાર વગેરે એનાયત કરાયા છે. |
| 15 | **મૃણાલિની સારાભાઈ :**<br>તેઓ મુળ કેરળના છે પરંતુ ડૉ.વિક્રમ સારાભાઈ સાથે લગ્ન કર્યા હતા.<br>તેઓ કથકલી નૃત્યમાં મહત્વપૂર્ણ પ્રદાન માટે વીર શ્રીકલા બનનાર તેઓ પ્રથમ મહિલા છે. તેમણે ભરતનાટયમની પણ તાલિમ લીધી હતી.<br>તેમણે અમદાવાદમાં 'દર્પણ'નામની નૃત્યની સંસ્થાની સ્થાપના કરી હતી.<br>તેમનું ભરત નાટયમ ક્ષેત્રે વિશિષ્ટ કલા સેવા માટે મદ્રાસ ખાતે 'નાટયકલા શિરોમણી' નું પદ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમને પદ્મશ્રી (૧૯૬૨), પદ્મભુષણ (૧૯૯૨), કાલિદાસ સન્માન, મેકિસકો ધ્વારા સુવર્ણચંદ્રક વગેરે એનાયત કરવામાં આવ્યા હતા. |
| 16 | **સોનલ માનસિંગ :**<br>તેઓ ભરતનાટયમ, છાઉ (ઓરિસ્સાની પુરુષપ્રધાન નૃત્ય શૈલી) સહીત ભારતની ઘણી બધી નૃત્ય શૈલીમાં પારંગત છે. |

www.marugujarat.in

| | |
|---|---|
| | તેમણે દિલ્હીમાં સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સની સ્થાપના કરી હતી. તેમજ તેમણે દ્રૌપદીના કથાનકને એક નવી પદ્ધતિમાં રજુ કર્યુ હતું. તેમને ૧૯૯૨માં પદ્મ ભુષણ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. |
| 17 | **મલ્લિકા સારાભાઈ :**<br>તેઓ ભરતનાટયમ તથા કુચીપુડીના સારા નૃત્યકાર છે. તેમણે કેટલીક ફિલ્મોમાં પણ અભિનય આપ્યો છે. તેઓ સમાજને સ્પર્શતા પ્રશ્નો પણ સરકાર સમક્ષ વારંવાર ઉઠાવતા રહયા છે. |
| 18 | **કુમુદીની લાખિયા : (૧૯૩૦)**<br>કથ્થક નૃત્ય ક્ષેત્રે તેમની ગણના એક ટોચના નૃત્યકાર તરીકે થાય છે.<br>તેમણે ૧૯૬૭માં અમદાવાદમાં કથ્થકની નર્તન શાળા કદંબની સ્થાપના કરી હતી. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ હાંસલ કરી છે.<br>તેમને પદ્મશ્રી, પંડીત ઓમકારનાથ ઠાકુર પુરસ્કાર, કાલિદાસ સન્માન, ભારતીય સંગીત નાટયકલા પુરસ્કાર, રાજય સંગીત નાટક એકેડમી પુરસ્કાર, કલારત્ન પુરસ્કાર, અમદાવાદ શહેર તરફથી ૧૯૯૭ નગરભુષણ પુરસ્કાર વગેરે પ્રાપ્ત થાય છે. |
| 19 | **રુકમિણી દેવી અરુનંડેલ (૧૯૦૪–૧૯૮૬)**<br>તેઓ ભરતનાટયમ સહિત પ્રાચીન ભારતીય નૃત્ય શૈલીઓના પ્રખ્યાત નૃત્યકાર હતા.<br>તેમણે ભરતનાટયમની નૃત્યશાળા કલાક્ષેત્રની અડીયાર ખાતે સ્થાપના કરી હતી.<br>તેમના પ્રયત્નોથી ભારતની પ્રથમ મોન્ટેસરી સ્કુલ શરૂ કરવામાં આવી હતી.<br>૧૯૫૨માં તેમની રાજય સભામાં નિયુકિત થઈ હતી. ઉપરાંત તેમને પદ્મભુષણ, સંગીત નાટક એકેડમી પુરસ્કાર વગેરે એનાયત કરાયા હતા. |
| 20 | **કુંદનિકા કાપડિયા (૧૯૨૭)**<br>તેઓ ખ્યાતનામ ગુજરાતી લેખિકા છે. તેમણે વાર્તા સંગ્રહો, નવલકથાઓ, નિબંધો, પ્રાર્થના સંકલનના સંગ્રહો વગેરેની રચના કરી છે.<br>'સાત પગલા આકાશમાં' નવલકથાને દિલ્હી સાહિત્ય અકાદમી ધ્વારા પુરસ્કૃત કરવામાં આવી હતી. પરોઢ પહેલા, અગન પિપાસા વગેરે તેની અન્ય મુખ્ય નવલકથાઓ છે. |
| 21 | **ઝવેરી બહેનો :** દર્શના, નયના, સુર્વણા, રંજના ઝવેરી મણીપુરી નૃત્યશૈલીઓના પ્રખ્યાત નૃત્યકારો છે. |
| 22 | **અનિતા રત્નમ :** તેઓ ભારતીય નૃત્યશૈલીઓ ભરત નાટયમ, કથકલી, મોહિની અટનમ વગેરેના નૃત્યાંગના છે.<br>તેઓ ચેન્નાઈમાં અરંધમ સંસ્થાના સંસ્થાપક ડાયરેકટર છે.<br>તેમને નૃત્ય ચુડામણી,કલાઈ માયા પુરસ્કાર (તામિલનાડુ), લલિત કલા રત્ન,મહાત્મા ગાંધી પુરસ્કાર વગેરે એનાયત કરાયા છે. |
| 23 | **ચિત્રા વિશ્વેશ્વરન :** તેઓ ભરત નાટયમના પ્રખ્યાત નૃત્યાંગના છે. ઉપરાંત મણીપુરી, કથ્થકના પણ જાણકાર છે. |
| 24 | **ડૉ.પદ્મા સુબ્રમણ્યમ**<br>તેઓ ભરત નાટમમપ્રખ્યાત નૃત્યકાર છે. આંતર રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ફિલ્મ ડાયરેકટર તેમના પિતા છે.<br>તેમણે પદ્મભુષણ, પદ્મશ્રી, સંગીત નાટક એકેડમી પુરસ્કાર, કાલીદાસ સન્માન, ફુકુઓકા એશીયન કલ્ચર ઈનામ (જાપાન) વગેરે પ્રાપ્ત થાય છે. |
| 25 | **ડૉ.કનક રેલે**<br>તેઓ કથકલી મોહિની અટ્ટમ વગેરેના પ્રસિધ્ધ નૃત્યકાર છે. તેમણે નૃત્ય ભારતી નામના એક ફિલ્મ બનાવી હતી. જેમાં સાત ભારતીય શાસ્ત્રીય નૃત્યશૈલીને રજુ કરવામાં આવી હતી.<br>તેમણે નાલંદા ડાન્સ રિસર્ચ સેન્ટરની સ્થાપના ૧૯૬૬માં કરી હતી. |

www.marugujarat.in

| | |
|---|---|
| | તેમને નૃત્ય ચુડામણિ, સંગીત નાટક એકેડમી પુરસ્કાર, પદ્મશ્રી વગેરે પુરસ્કારો મળ્યા હતા.ઉપરાંત સુર સિંગાર તરફથી નર્તનવિલાસની ઉપાધિ મળી હતી. |
| 26 | **ધીરૂબેન પટેલ**<br>તેઓ જાણીતા ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર અને નાટયકાર છે. તેમની લઘુ નવલકથા આંધળી ગલી અને આગંતૂક ખૂબજ પ્રખ્યાત છે.<br>તેઓ ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ રહયા હતા. ઉપરાંત તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ગૌરવ અને દર્શક પુરસ્કાર, રણજીતરામ સુવર્ણ ચંદ્રક, ક.મા.મુનશી સુવર્ણચંદ્રક વગેરે એનાયત કરાયા હતા. |
| 27 | **વસુબહેન ભટ્ટ**<br>તેઓ સમાજસેવિકા, દિગ્દર્શિકા, લેખિકા, અભિનેત્રી, નેતા વગેરે તરીકે ભૂમિકા ભજવેલી છે.તેઓ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પ્રમુખ, આકાશવાણીના નિયામક, ગુજરાત રાજય સમાજકલ્યાણ બોર્ડના અધ્યક્ષ તરીકે પણ રહયા હતા.<br>તેમને મહિલા ગૌરવ પુરસ્કાર, સંસ્કાર પુરસ્કાર તથા તેમની છ નવલિકા સંગ્રહ પાંદડે મોતી માટે ગુજરાત સાહિત્ય પરિષદ ધ્વારા ભગિની નિવેદીતા પુરસ્કાર એનાયત કરાયા હતા. |
| 28 | **સુભદ્રા કુમારી ચૌહાણ : (૧૯૦૪–૧૯૪૮)**<br>તેઓ ભારતના પ્રખ્યાત કવિયત્રી હતા. તેમનો જન્મ અલ્હાબાદમાં થયો હતો.<br>તેમની પ્રખ્યાત કૃતિઓ ઝાંસી કી રાની, સેનાની કા સ્વાગત, વીરોકા કેસા હો વસંત, બીખરે મોતી વગેરે હતા.<br>જેમણે સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન રાષ્ટ્રીય ચેતના જગાવી હતી.<br>તેઓ ૧૯૨૦માં અસહયોગ આંદોલનમાં ભાગ લેનારા પ્રથમ મહિલા હતા.<br>ભારતીય ટપાલ વિભાગે ૧૯૭૬માં તેમની ૨૫ પૈસાની ટિકિટ બહાર પાડી હતી.તથા નૌસેનાએ ૨૦૦૬માં એક જહાજનું નામ સુભદ્રા કુમારી ચૌહાણ રાખ્યું હતું. |
| 29 | **યામિની કૃષ્ણમૂર્તિ**<br>તેઓ ભરતનાટયમ અને કુચિપુડીના પ્રખ્યાત નૃત્યકાર છે. |
| 30 | **વર્ષા અડાલજા**<br>તેઓ ગુજરાતના પ્રખ્યાત સાહિત્યકાર છે. તેમણે આકાશવાણી માટે લેખનથી કારકિર્દીની શરૂઆત કરી હતી.<br>તેમની પ્રખ્યાત નવલકથાઓ આતશ, રેતપંખી, મારે પણ એક ઘર હોય,ગાંઠ છૂટયાની વેળા વગેરે છે.<br>તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત કરાયો હતો. તેમની ૨૦૧૨માં ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમખુ માટે નિમણૂંક થઈ છે. |
| 31 | **વર્ષાદાસ :**<br>તેઓ પ્રખ્યાત ગુજરાતી લેખિકા છે. તેમણે બાળ સાહિત્ય સહીત અનેક પુસ્તકો લખેલ છે.તેમણે કેન્દ્ર સરકાર ધ્વારા સંચાલિત લલિતકલા એકેડમીમાં ઉપસચિવ તરીકે કામ કરેલ તથા હાલમાં નેશનલ બુક ટ્રસ્ટમાં પણ ડાયરેકટર પદે છે. |
| 32 | **લીલાવતી મુનશી : (૧૮૯૯–૧૯૭૮)**<br>તેમના પુનઃ લગ્ન કનૈયાલાલ મુનશી સાથે થયેલા હતા. તેમણે સ્ત્રી શકિતનું પ્રદર્શન કરતું 'કુમારદેવી' નાટક લખીને તેમણે નારી તરીકેનું હીર રજુ કર્યુ હતું.<br>તેઓએ મુંબઈ મહાનગર પાલિકા તથા ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બરમાં પણ કામગીરી બજાવી હતી. ઉપરાંત રાજય સભાના સભ્ય પણ રહયા હતા. |
| 33 | **આશાપુર્ણા દેવી : (૧૯૦૯–૧૯૯૫)**<br>**તેઓ બંગાળના પ્રખ્યાત લેખિકા હતા. પન્નીઓ, પ્રેયસી, પ્રયોજન, પ્રતિશ્રુતિ, વગેરે તેમની પ્રખ્યાત નવલિકાઓ છે.** |

www.marugujarat.in

| | |
|---|---|
| | **તેઓ જ્ઞાનપીઠ પુરસ્કાર (૧૯૭૭) મેળવનાર પ્રથમ મહિલા સાહિત્યકાર છે. ઉપરાંત તેમને પદ્મ શ્રી પુરસ્કાર પણ અપાયો હતો.** |
| 34 | **મહાશ્વેતા દેવી (૧૯૨૬–૧૯૮૭)**<br>તેઓ બંગાળી લેખિકા તથા સમાજસેવિકા હતા.<br>નોટી, અમૃત સંચય, કવિ વંદ્યાઘટી ગનીર વન ઓ મૃત્યુ, હજાર ચૌરાસી કી માં, તેમની પ્રસિદ્ધ નવલકથા ઓ છે.<br>તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર, પદ્મશ્રી, જ્ઞાનપીઠ (૧૯૯૬), મેગ્સેસે, પદ્મવિભુષણ (૨૦૦૬) વગેરે એનાયત કરાયા હતા. |
| 35 | **અરુંધતી રોય : (૧૯૬૧)**<br>તેઓ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત લેખિકા છે. તેમનો જન્મ કોલકાતામાં થયો હતો.<br>તેમની પ્રથમ નવલકથા ગોડ ઓફ સ્મોલ થીંગ માટે તેમને સાહિત્યના ક્ષેત્રનું પ્રખ્યાત મેન બુકર પ્રાઈઝ મળ્યું હતું. આમ તે બુકર પ્રાઈઝ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે.<br>ઉપરાંત તેઓ રાષ્ટ્રીય હિતને સ્પર્શતા પ્રશ્નો સંબંધે અવાજ પણ ઉઠાવે છે. જેમકે નર્મદા બચાવો આંદોલન, અણુ વિસ્ફોટ વિરોધી ચળવળ. |
| 36 | **અમૃતા પ્રિતમ : (૧૯૧૯–૨૦૦૫)**<br>તેમનો જન્મ ગુજરાનવાલા (હાલ પાકિસ્તાન) માં થયો હતો. તેઓ ભારતના પ્રખ્યાત લેખિકા અને કવિયત્રી હતા.<br>રેવન્યુ સ્ટેમ્પ, સુનહરે ડે, પિંજર યાત્રી, એક સવાલ, નાગમણી, કોરા કાગઝ, રંગ કાપતા, યાત્રી, તેરહવા સુરજ, જીલાવતન, અલના, જેબ કતરા વગેરે તેમની પખ્યાત કૃતિઓ છે.<br>તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર,સાહિત્ય અકાદમી પુરસ્કાર, પંજાર રત્ન, પદમશ્રી વગેરે એનાયત કરાયા હતા. |
| 37 | **અનિતા દેસાઈ :**<br>તેઓ જાણિતા લેખિકા છે. તેમનો જન્મ મસુરીમાં થયો હતો. તેઓ પોતાની કૃતિઓમાં સશકત મહિલા પાત્રો માટે પ્રખ્યાત છે. |
| 38 | **ડૉ.કમલાદાસ (૧૯૩૪–૨૦૧૦)**<br>તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કવિયત્રી તથા લેખિકા છે. તેમણે અંગ્રેજી અને મલયાલમ ભાષામાં સાહિત્ય સર્જન કર્યુ છે.<br>સમર ઈન કલકત્તા, ધ ડિસે ડન્ટસ, ઓલ્ડ પ્લે હાઉસ, આલ્ફાબેટ ઓફ લાસ્ટ, માય સ્ટોરી વગેરે તેમના પુસ્તકો માટે  ચર્ચાસ્પદ રહયા હતા.<br>તેમને રશિયન પોએટ્રી પ્રાઈઝ, કેન્ટ એવોર્ડ, સાહિત્ય અકાદમી પુરસ્કાર, વ્યાલર રામ વર્મા સાહિત્ય પુરસ્કાર વગેરે મળેલા છે. |
| 39 | **પ્રિતી સેન ગુપ્તા (૧૯૪૪) :**<br>તેઓ કવિયત્રી અને પ્રવાસ લેખિકા છે. લગભગ તે સૌથી વધારે પ્રવાસ કરનાર ભારતીય મહિલા છે. તે વર્ષમાં છ મહિના પ્રવાસ કરે છે. તેમણે અનેક પ્રવાસ સંગ્રહો પ્રકાશિત કર્યા છે.<br>તેઓ ઉત્તર ધ્રુવ પર જનાર પ્રથમ ભારતીય મહિલા છે.<br>કિનારે કિનારે ધવલ આલોક, ધવલ અંધાર, દિક દિગત, પૂર્વા વગેરે તેમના પ્રવાસ ગ્રંથો છે. |
| 40 | **કિશોરી આમોનકર : (૧૯૩૧)**<br>તેઓ પ્રખ્યાત સંગીતકાર છે. તેમણે જયપુર ઘરાણાની ગાયકીનો ગર્ભ જાળવી રાખવા સ્વતંત્ર ગાયન શૈલી રજુ કરી હતી. તેમણે ઘણી ફિલ્મોમાં પણ ગીત–સંગીત આપી લોકપ્રિય થયા હતા. તેમને પદ્મભુષણ, સંગીત નાટક અકાદમી પુરસ્કાર, ગોવા કલા અકાદમી પુરસ્કાર વગેરેથી સન્માનિત કરાયા હતા. |
| 41 | **કિરણ દેસાઈ (૧૯૭૧)** |

www.marugujarat.in

| | |
|---|---|
| | તેઓ પ્રખ્યાત નવલકથાકાર છે તથા પ્રખ્યાત નવલકથાકાર અનિતા દેસાઈના પુત્રી છે.<br>તેમને તેમની નવલકથા 'ધ ઈનહેરિન્ટસ ઓફ લોસ' માટે વર્ષ ૨૦૦૬માં મેન બુકર પ્રાઈઝ પુરસ્કાર અપાયો હતો. આમ તેઓ બુકર પ્રાઈઝ મેળવનાર વિશ્વમાં સૌથી નાની વયની મહિલા છે. |
| 42 | **અમૃતા શેરગીલઃ (૧૯૧૩–૧૯૪૧)**<br>તેમનો જન્મ બુડાપેસ્ટ (હંગેરી) માં થયો હતો. તેઓ ભારતના સર્વશ્રેષ્ઠ નવ ચિત્ર કલાકારોની યાદીમાં સ્થાન પામ્યા હતા.<br>તેમનું ચિત્ર 'કોમવર્સેશન' ને પેરીસની 'ધી ગ્રાન્ડ સેલોન' માં પ્રદર્શિત કરાયું હતું તથા તેમને એસોસિયેટેડ ઓફ ધી ગ્રાન્ડ સેલોન જાહેર કરાયા હતા.<br>તેઓ પાશ્ચાત્ય અને પોર્વાત્ય કલાકારોના સુગમ  સંગમ સાધનારા વિશ્વપ્રસિધ્ધ કલાકારોમાં  તેમનો સમાવેશ થતો હતો. અમૃતા ભારતીય કલાનું અમુલ્ય ધન છે તેવું જવાહરલાલ નહેરૂ એ કહયું હતું. |
| 43 | **જશુબેન શિલ્પી :**<br>તેઓ લોકનેતાઓ તથા ઐતિહાસિક પ્રતિભાઓના સ્કલ્પચર બનાવવા માટે પ્રખ્યાત હતા. તેમને બ્રોન્ઝ વુમન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખવામાં આવે છે. તેમણે ૫૦૦ થી વધુ સ્કલ્પચર બનાવ્યા છે.<br>તેમણે બનાવેલ ૨૫ ફુટ ઉંચી સરદાર પટેલની પ્રતિમાને નર્મદા નિગમે કેવડીયા કોલોની ખાતે મુકી છે.<br>શિકાગો, નોર્થ કેરોલીના, ફલોરિડામાં ગાંધીની પ્રતિમા બનાવી છે. તથા ઝાંસીની રાણીની મૂર્તિ બનાવવા માટે ૨૦૦૫ માં લિમ્કા બુકમાં સ્થાન મળ્યું હતું. |
| 44 | **એસ્થેર ડેવિડ (૧૯૪૫)**<br>તેઓ ચિત્ર, શિલ્પ, કલાવિવેચન, શિક્ષણ મહોત્સવો વગેરે ક્ષેત્ર તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે.<br>તેઓએ અમદાવાદની સ્કુલ ઑફ આર્કિટેકચર, સ્કુલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈન વગેરેમાં પ્રોફેસર તરીકે કામ કર્યુ છે તથા લલિતકલા અકાદમીના સભ્ય પણ રહી  ચૂકયા છે.<br>તેઓ પ્રખ્યાત પ્રકૃતિવિદ રૂબીન ડેવિડના પુત્રી છે. |
| 45 | **સંતોકબેન જાડેજા :**<br>તેમણે ચિત્રકળાનું કોઈપણ જાતનું શિક્ષણ લીધ ન હતુ પણ તેમની કોઠા સુઝથી તેમણે અનેક ચિત્રો બનાવ્યા છે. જે વૈશ્વિક સ્તરે પણ ખ્યાતિ પામ્યા છે.<br>તેમણે એક હજાર મિટર કાપડ પર પાંચ વર્ષની મહેનત થી મહાભારત ચિતર્યું. તથા ૨૫ મીટર કાપડ પર ગાંધી, ૩૫૦ મીટર કાપડ પર ઈંદીરા ગાંધીના જીવન પ્રસંગોને ચિત્રયા છે. |
| 46 | **સિતારા દેવી :**<br>તેઓ પ્રખ્યાત કથ્થક નૃત્યકાર હતા. તેમનું મૂળનામ ધનલક્ષ્મી હતું. તેમની નૃત્ય પ્રત્યેની લગન અને નિપૂણતા જોઈ શંભુ મહારાજે કહયું હતું કે તે નૃત્યની દુનિયાનો ઝગમગતો સિતારો બનશે ત્યારથી તેમનું નામ સિતારા પડી ગયું.<br>રવિન્દ્રનાથ ટાગોરે તેમને નૃત્ય સામ્રાજ્ઞાનીનું બિરુદ આપ્યું હતું. તેમને મુંબઈની બિરલા ભવનમાં સતત ૧૨ કલાક નૃત્ય કરી વિક્રમ સ્થાપ્યો હતો. તેમને પદ્મશ્રી તથા કાલિદાસ પુરસ્કાર અપાયા હતા. |
| 47 | **ઉર્મિ પરીખ :**<br>તેઓ જાણીતા ચિત્રકાર છે તથા સુપ્રસિધ્ધ ચિત્રકાર રસીકલાલ પરીખના પુત્રી છે. તેમને લલિત કલા અકાદમી ધ્વારા ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. |
| 48 | **વિશાખા દેસાઈ :**<br>તેઓ મ્યુઝિયમ ક્ષેત્રે ખ્યાતનામ છે. તેઓ એશિયન સોસાયટીમાં ડિરેકટર પદે રહયા હતા. તથા અધ્યક્ષ પદે નિમણૂંક થનાર પ્રથમ મહિલા તથા એશિયન હતા. |
| 49 | **અનુરાધા પાલ (૧૯૭૧)**<br>તેઓ તબલાવાદક તરીકે પ્રખ્યાત છે. તેમણે ઉસ્તાદ અલ્લારખાં તથા તેમના પુત્ર ઝાકિર હુસૈન પાસેથી |

www.marugujarat.in

| | |
|---|---|
| | તબલાની તાલીમ લીધી હતી.<br>બીબીસી ટેલીવિઝન ધ્વારા આંતરરાષ્ટ્રીય સેવા અંતર્ગત ભારતની પાંચ પ્રમુખ મહિલા સંગીતજ્ઞ કાર્યક્રમમાં તેમનો સમાવેશ થયેલો છે. |
| 50 | **એન્જોલી મેનન : (૧૯૪૦)**<br>તેઓ ભારતના અગ્રિમ હરોળના ચિત્રકાર છે. તેમનું ચિત્ર 'યાત્રા' ૨૦૦૬માં એશિયન આર્ટ મ્યુઝિયમ (સાન ફ્રાન્સિસ્કો ) માં સ્થાન પામ્યું હતું. |
| 51 | **નરગિસ દત્ત : (૧૯૨૯–૧૯૮૧)**<br>મધર ઈન્ડિયા ફિલ્મમાં યાદગાર ભૂમિકા ભજવનાર ભારતની પ્રસિધ્ધ અભિનેત્રી હતા. તેઓ પદ્મશ્રી થી સન્માનિત તથા રાજયસભામાં નિયુકત થનાર પ્રથમ અભિનેત્રી હતા. |
| 52 | **ભાનું અથૈયા :**<br>તેઓ ઓસ્કાર પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે. તેમણે 'ગાંધી' ફિલ્મમાં રીચાર્ડ એટનબરોના કોસ્ચ્યુમ ડિઝાઈનર હતા. |
| 53 | **દેવિકા રાણી :**<br>ભારતની પ્રખ્યાત અભિનેત્રી જેમને પ્રથમ દાદા સાહેબ ફાળકે પુરસ્કાર (૧૯૬૯) મળ્યો હતો. |
| 54 | **આશા પારેખ :**<br>તેઓ એક પ્રખ્યાત અભિનેત્રી ઉપરાંત ભરત નાટયમ, કથ્થક, કથકલી વગેરે નૃત્યોમાં પારંગત છે. તેમને મુંબઈમાં કલાભવન નામે નૃત્ય સંસ્થાની સ્થાપના કરી હતી. તેઓ સેન્સર બોર્ડના અધ્યક્ષ પણ રહયા હતા. તેમને પદ્મશ્રી, વિશ્વ ગુર્જરી પુરસ્કાર, નેશનલ યુનિટી પુરસ્કાર વગેરે એનાયત કરાયા હતા. |
| 55 | **મહેર કોન્ટ્રાકટર :**<br>તેમણે કઠપુતળી (પપેટ્રી) ની કળાને યોગ્ય સ્થાન અપાવવા મહત્વનું યોગદાન આપેલ છે. |
| 56 | **મીરા નાયર : (૧૯૫૭)**<br>તેઓ પ્રખ્યાત ફિલ્મ નિર્માત્રી છે. તેઓ તેમની ફિલ્મમાં સ્ત્રી સંવેદન અને તેના જીવનની વિટંબણાને સુંદર રીતે રજૂ કરવા માટે જાણીતા છે.<br>૧૯૮૮ માં તેમની પ્રથમ દિગ્દર્શીત ફિલ્મ સલામ બોમ્બે ઓસ્કાર માટે નામાંકિત થઈ હતી. |
| 57 | **શકુંતલા દેવી : (૧૯૩૯–૨૦૧૩)**<br>તેઓ હયુમન કોમ્પ્યુટર તરીકે જાણીતા હતા. તેઓ કોઈપણ પ્રકારના સાધનોની મદદ વગર ગાણિતિક કોયડાઓને પળભરમાં ઉકેલી નાંખતા હતા. આ અદભૂત કળાને લીધે તેમને ગ્રિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. |
| | **વિજ્ઞાન ક્ષેત્રે** |
| 1 | **સુનિતા વિલિયમ્સ : (૧૯૬૫)** |
| | તેઓ ભારતીય મૂળના છે. તેમનો જન્મ ઓહિયો (યુ.એસ.એ.) માં થયો હતો. તેમનું મૂળ વતન મહેસાણાનું ઝુલાસણ ગામ છે.<br>તેઓ ૨૦૦૬માં ૧૯૫ દિવસની સ્પેસ યાત્રા તથા ૨૦૧૨ માં ૧૬૫ દિવસની સ્પેશયાત્રા પૂર્ણ કરી અવકાશમાં સૌથી વધુ સમય વિતાવનાર અવકાશયાત્રી બન્યા છે. તેઓ અવકાશમાં મેરેથોન દોડનાર પણ પ્રથમ મહિલા છે. તથા ૨૦૦૬માં ૨૯ કલાક અને ૧૭ મિનિટ સુધી અવકાશમાં સ્પેસ વોક કર્યુ હતું. આમ તેઓ સૌથી વધુ સમય માટે અવકાશ યાન માંથી બહાર આવીને અવકાશમાં કામ કરનારી પ્રથમ મહિલા છે. |
| 2 | **કલ્પના ચાવલા : (૧૯૬૧–૨૦૦૩)**<br>તેઓ પ્રથમ ભારતીય અવકાશયાત્રી હતા. તેમનો જન્મ કરનાલમાં થયો હતો.<br>તેમણે ચંદીગઢની પંજાબ એન્જિનિયરિંગ કોલેજમાંથી અભ્યાસ કરેલો તથા ટેકસાસ યુનિવર્સિટીમાં ઉચ્ચ |

www.marugujarat.in

| | |
|---|---|
| | અભ્યાસ કર્યો હતો. અમેરિકાની નાસા ( NASA) માં કાર્યરત થયા હતા.<br>૨૦૦૩માં તેઓ કોલંબિયા અવકાશ યાનમાં અંતરિક્ષમાં ગયા હતા અને અવકાશયાન નાશ પામતા તેમનું મૃત્યુ થયું હતું. |
| 3 | **ડાં.ઈન્દિરા હિંદુજા :**<br>ભારતમાં સૌ પ્રથમ વખત ટેસ્ટ ટયૂબ બેબીનો સફળ પ્રયોગ કર્યો હતો. |
| 4 | **ડાં. ટેસી થોમસ :**<br>તેઓએ DRDO માં રહીને મિસાઈલ નિર્માણમાં મહત્વનું યોગદાન આપેલ છે. તેમણે અગ્નિ શ્રેણીની મિસાઈલમાં આયેલ યોગદાન બદલ તેમને અગ્નિપુત્રી તથા મિસાઈલ વુમન તરીકે ઓળખવામાં આવે છે. |
| | **રમત – ગમત ક્ષેત્રે** |
| 1 | **તેજસ્વિની સાંવત (૧૯૮૦) તેઓએ શૂટીગમાં આંતર રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ હાંસલ કરેલી છે.** |
| 2 | **સાઈના નેહવાલ (૧૯૯૦)**<br>તે બેડમિંટનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત ખેલાડી બન્યા છે. તેણે લંડન ઓલમ્પિક (૨૦૧૨) માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આવી સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે.<br>તેમને ૨૦૧૦માં રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર એનાયત થયો હતો. |
| 3 | **અંકિતા રૈના :(૧૯૯૩)**<br>તેનો જન્મ અમદાવાદમાં થયેલ છે. તે આંતરરાષ્ટ્રીય સ્તરે ટેનિસની ઉભરતી ખેલાડી છે. |
| 4 | **પી.ટી.ઉષા : ૧૯૬૪**<br>તેનો જન્મ કેરળના પ્લોલી ગામમાં થયો હતો. તેનું પુરુ નામ પિલાવુલકંડી થેકકે પારા બિલ ઉષા છે.<br>તે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને એથલેટીકસ માં ગૌરવ અપાવનાર પ્રથમ ભારતીય મહિલા છે. તેણે ૧૯૮૦માં મોસ્કો ઓલંમ્પિકમાં ભાગ લીધેલ તથા ૧૯૮૨ની એશિયન ગેમ્સમાં ૧૦૦ તથા ૨૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ઉપરાંત ૧૯૮૪ ની લોસ એંજલ્સ ઓલંમ્પિકમાં ૫૦૦ મીટર વિઘ્ન દોડમાં અંતિમ રાઉન્ડમાં પહોંચી ચોથું સ્થાન મેળવ્યું હતું.<br>તેને ઉડનપરી તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત તેને ટ્રેક એન્ડ ફિલ્ડ રાણી કહેવામાં આવે છે. હાલમાં તે એથલેટને તાલીમ આપી રહયા છે તથા વિવિધ રમત પુરસ્કારોની પસંદગી સમિતીના અધ્યક્ષ છે. |
| 5 | **લજ્જા ગોસ્વામી :**<br>તેઓ આણંદ જીલ્લાના વતની છે. ૨૦૧૦ની કોમનવેલ્થ ગેમ્સમાં શૂટીગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. |
| 6 | **અર્પણા પોપટ :**<br>બેડમિન્ટન ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરનાર ખેલાડી. |
| 7 | **વૈશાલી મકવાણા :**<br>ગુજરાતી મહિલા છે જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે યોગવિદ્યામાં ખ્યાતી મેળવી છે. |
| 8 | **એમ.સી.મેરીકોમ :**<br>તેમનું પુરું નામઃ માંટે ચુંગનીજેંગ મેરીકોમ છે. તેમણે સતત ૫ વખત બોકિસંગનું વર્લ્ડ ટાઈટલ જીતીને ભારતની પ્રથમ મહિલા બોકસર બન્યા છે.<br>લંડન ઓલંમ્પિક (૨૦૧૨) માં ૫૧ કે.જી. બોકિસંગમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતના પ્રથમ મહિલા ખેલાડી બન્યા છે. ઉપરાંત ઓલંમ્પિકમાં ભાગ લેનાર પણ તે પ્રથમ અને એક માત્ર ભારતીય મહિલા બોકસર છે.<br>તેમણે રાજીવગાંધી ખેલ રત્ન પુરસ્કાર (૨૦૦૭–૦૮) અર્જુન પુરસ્કાર, પદ્મશ્રી પુરસ્કાર વગેરે મેળવેલા છે. |
| 9 | **ઝુલન ગોસ્વામી (૧૯૮૪)**<br>તેઓ મહિલા ક્રિકેટમાં વિશ્વવિખ્યાત ખેલાડી છે. તેઓ ભારતની ક્રિકેટ ટીમની કેપ્ટન તથા રેન્કીગમાં પ્રથમ સ્થાને રહેલા છે. |

www.marugujarat.in

| | રાજકારણ ક્ષેત્ર |
|---|---|
| 1 | **સોનિયા ગાંધી (૧૯૪૬–)**<br>તેમનો જન્મ તુરીન (ઈટાલી) માં થયો હતો. તેમણે ૧૯૬૮માં રાજીવ ગાંધી સાથે લગ્ન કરી ભારતમાં સ્થાયી થયા હતા.<br>તેઓ ૧૯૯૮થી કોંગ્રેસના અધ્યક્ષપદે છે. ફોબ્સ મેગેઝીન ધ્વારા તેમને વિશ્વની ૧૦૦ શક્તિશાળી મહિલાઓમાં આગવું સ્થાન આપવામાં આવેલ છે. |
| 2 | ઈન્દિરા ગાંધી : (૧૯૧૭–૧૯૮૪) તેમનો જન્મ અલ્હાબાદમાં જવાહરલાલ નહેરુના ઘેર થયો હતો. તેમનું પુરું નામ ઈન્દિરા પ્રિયદર્શી હતું. તેમણે બાળપણમાં અસહકારની લડત દરમિયાન તેમણે વાયુસેનાનું નેતૃત્વ કર્યુ હતું તથા હિંદ છોડો આંદોલનમાં ભાગ લીધો હતો.<br>૧૯૪૨માં તેમણે ફિરોઝ ગાંધી સાથે લગ્ન કર્યા હતા. ૧૯૬૬માં તેઓ ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા હતા. તેઓ કુલ ૧૫ વર્ષ (૧૯૬૬–૭૭ અને ૧૯૮૦–૮૪) સુધી ભારતના વડાપ્રધાન પદે રહીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.<br>તેમણે બાંગ્લાદેશની આઝાદી માટે, બેન્કોના રાષ્ટ્રીયકરણ, દેશી રજવાડાઓના સાલિયાણા નાબૂદી, ઓપરેશન બ્લુ સ્ટાર, અણૂ ધડાકા, ગરીબી નાબૂદી, કૃષિ સુધારા વગેરેમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.<br>તેમને ૧૯૭૧માં પાકિસ્તાન સામેના યુદ્ધ વિજયના બદલામાં ભારત રત્ન પુરસ્કાર પણ અપાયો હતો.<br>૩૧ ઓકટોબર ૧૯૮૪ના રોજ બે શીખ સુરક્ષા કર્મીઓ એ તેમની ગોળી મારીને હત્યા કરી હતી. |
| 3 | **શિલા દીક્ષિત (૧૯૩૮) :**<br>તેઓ ૧૯૯૮ થી ૨૦૧૩ સુધી દિલ્હીના મુખ્યમંત્રી હતા. તેઓ ૧૯૮૪–૮૯ દરમિયાન UNO માં કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. ઉપરાંત તેઓ ૧૯૮૬–૮૯ દરમિયાન કેન્દ્રિય મંત્રીમંડળમાં રહયા હતા. |
| 4 | **જયલલિતા (૧૯૪૮) :**<br>તેઓ તમિલનાડુના મુખ્ય મંત્રી ઉપરાંત AIDMK પક્ષના સર્વેસર્વા છે. તેઓ તમિલ ફિલ્મોના સફળ અભિનેત્રી પણ રહી ચૂકયા છે.  તેઓ  'અમ્મા' ના હુલામણા નામે જાણીતા છે. |
| 5 | **સુષ્મા સ્વરાજ :(૧૯૫૨)**<br>તેમનો જન્મ અંબાલામાં થયો હતો. તેઓ ૧૫મી લોકસભાના વિપક્ષના નેતા હતા. તેઓ દિલ્હીના મુખ્યમંત્રી પદે પણ રહી ચૂકયા છે.<br>તેઓ ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા બનનાર તેમજ ભાજપની સરકારમાં કેબિનેટ મંત્રી બનનાર પ્રથમ મહિલા છે. તેમજ સર્વશ્રેષ્ઠ સાંસદનો પુરસ્કાર મેળવનાર પણ પ્રથમ મહિલા છે. તેઓ વાજપેયી સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રી હતા. હાલમાં તેઓ વિદેશ મંત્રી પદે કાર્યરત છે. |
| 6 | **મમતા બેનરજી : (૧૯૫૫)**<br>તેઓ પ.બંગાળના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા છે. તેઓ ૧૯૭૦ થી ૯૭ સુધી કોંગ્રેસમાં રહયા બાદ ૧૯૯૭માં તૃણમુલ કોંગ્રેસમાં જોડાયા હતા. હાલ તેઓ તૃણમુલ કોંગ્રેસના સર્વે સર્વા છે.<br>તેઓ રેલવે મંત્રી, કોલસા મંત્રી, માનવ સંશાધન વિકાસ રાજયમંત્રી તરીકે પણ કેન્દ્ર સરકારમાં રહી ચૂકયા છે.<br>તેઓ 'દીદી' ના નામે પણ ઓળખાય છે ? |
| 7 | **માયાવતી : (૧૯૫૬)**<br>તેઓ હાલમાં કાશીરામ ધ્વારા સ્થાપિત બહુજન સમાજ પાર્ટી  (BSP) ના સર્વે સર્વા છે. તેઓ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પદે પણ રહી ચૂકયા છે. તથા હાલમાં રાજયસભાના સભ્ય છે.<br>તેઓ 'બહેનજી' ના ઉપનામે પણ ઓળખાય છે. |
| 8 | **ઉમા ભારતી : (૧૯૫૯)**<br>તેઓ ભાજપના અગ્રણી નેતા છે. ઉપરાંત ૨૦૦૩–૦૪ દરમિયાન મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદે પણ રહયા |

www.marugujarat.in

| | |
|---|---|
| | હતા. |
| 9 | **વસુંધરા રાજે સિંધિયા (૧૯૫૩)**<br>તેઓ રાજસ્થાનના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રહી ચૂકયા છે. તેઓ રાજવી પરિવાર વિજયરાજે સિંધિયાની પુત્રી છે. તેમને ૨૦૦૭માં UNO ધ્વારા મહિલાઓને સ્વ શકિતકરણ અને સ્વરોજગાર ક્ષેત્રે પ્રદાન બદલ 'વુમન ટુ ગેધર' પુરસ્કાર અપાયો હતો. |
| 10 | **વિજયાલક્ષ્મી પંડિત : (૧૯૦૦–૧૯૯૦)**<br>તેઓ જવાહરલાલ નહેરૂના બહેન હતા. તેઓ પ્રાંતીય સ્વરાજયના સમયે ઉત્તર પ્રદેશના પ્રથમ મહિલા પ્રધાન બન્યા હતા. આઝાદી પછી તેઓ રશિયા, અમેરિકા, મેકિસકો, સ્પેનમાં રાજદુત બન્યા હતા.<br>તેઓ UNO ની મહાસભાના પ્રથમ મહિલા પ્રમુખ પણ બન્યા હતા. ઉપરાંત મહારાષ્ટ્રના રાજયપાલ પણ બનેલા. |
| 11 | **ઈન્દુમતી શેઠ (૧૯૦૬–૧૯૮૫)**<br>તેઓ ગુજરાતમાં પ્રથમ મહિલા મંત્રી બનનાર છે. તેઓ ૧૯૬૨માં ગુજરાત વિધાનસભામાં ચૂંટાઈને શિક્ષણમંત્રી બન્યા હતા.<br>૧૯૪૬માં મુંબઈ ઈલાકાની વિધાનસભામાં બિન હરીફ ચૂંટાયેલા ત્યારબાદ મુંબઈ રાજયની વિધાનસભાના સભ્ય બનીને શિક્ષણમંત્રી પણ બન્યા હતા. આ ઉપરાંત તેઓ પાર્લામેન્ટરી સેક્રેટરી તથા UGC ના સભ્ય પણ બનેલા હતા. તેઓ સ્વાતંત્ર્ય ચળવળમાં પણ સક્રિય રહી કામગીરી નિભાવી હતી. |
| 12 | **પ્રતિભા પાટિલ (૧૯૪૩)**<br>તેઓ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ હતા. તેઓ ૨૦૦૭–૧૨ દરમિયાન રાષ્ટ્રપતિ પદે રહયા હતા. તેમણે મહારાષ્ટ્રથી રાજકારણની શરૂઆત કરી હતી. ઉપરાંત ૨૦૦૪માં રાજસ્થાનના રાજયપાલ પદે નિયુકત થનાર પણ પ્રથમ મહિલા છે. |
| 13 | **કમલા બેનિવાલ :**<br>તેઓ ગુજરાતના રાજયપાલ છે. તેઓ રાજસ્થાનમાં કોંગ્રેસ સરકારમાં નાણામંત્રી સહિત વિવિધ મહત્વાના હોદા પર રહી ચૂકયા છે. ઉપરાંત ત્રિપુરાના ગવર્નર બન્યા હતા. આમ તેઓ ઉત્તર–પૂર્વ રાજયોના પ્રથમ ગવર્નર હતા. |
| 14 | **મીરાકુમાર (૧૯૪૫)**<br>તેઓ ૧૫મી લોકસભામાં સ્પીકર બનીને ભારતના પ્રથમ મહિલા સ્પીકર બન્યા છે. તેઓ જાણીતા નેતા બાબુ જગજીવનરામના પુત્રી છે.<br>તેમણે તેની કારકિર્દીની શરૂઆત ૧૯૭૩માં IAS અધિકારી બનીને કરી હતી. |
| | **કોર્પોરેટ / વહીવટી ક્ષેત્ર :** |
| 1 | **ડાૅ.અમૃતા પટેલ :**<br>તેઓ દૂધ ઉત્પાદન ક્ષેત્રે મહત્વનું યોગદાન આપેલ છે. હાલમાં તેઓ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ NDDB ના પ્રમુખ છે. તેઓ RBI માં ડીરેકટર પદે, ઈન્ટરનેશનલ ડેરી કોંગ્રેસ, ઈન્ડિયન ડેરી કોર્પોરેશન વગેરેમાં ઉચ્ચ હોદ્દા પર રહયા હતા.<br>તેઓ અમુલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલના પુત્રી છે. તેમને પદ્મભુષણ, વિમેન્સ એચીવર્સ, ઈન્ટરનેશનલ ડેરી પર્સન વગેરે જેવા પુરસ્કારો મળ્યા હતા. |
| 2 | **સુમતિબેન મોરારજી : (૧૯૦૯–૧૯૯૮)**<br>તેમણે સિંધિયા સ્ટીમ એન્ડ નેવિગેશન કંપનીને સફળતાથી ચલાવી હતી.<br>તેમણે લંડનમાં આયોજિત શિપીંગ અંગેની પરિષદમાં પણ તેઓ એકમાત્ર મહિલા પ્રતિનિધિ હતા. તેઓ ધ |

www.marugujarat.in

| | |
|---|---|
| | ઈન્ડિયન નેશનલ સ્ટીમશીપ ઓનર્સ એસોસિએશનના પ્રમુખ બનનાર સૌ પ્રથમ મહિલા હતા. |
| 3 | **પારુબેન જયકૃષ્ણ :**<br>તેઓ સફળ ઉદ્યોગ સાહસિક છે. તેઓ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રથમ મહિલા અધ્યક્ષ હતા. હાલમાં તેઓ અક્ષર કેમ.લિ.ના પ્રમુખ છે. તેમણે અનેક આંતરરાષ્ટ્રીય કંપની અને સંસ્થાઓ સાથે કામ કરેલું છે. |
| 4 | **ર્ડા.કિરણ મઝુમદાર :**<br>તેઓ ભારતની પ્રખ્યાત બાયોકેમિકલ્સ કંપની બાયકોનના ચેર પર્સન અને મેનેજિંગ ડિરેકટર છે. |
| 5 | **ઈન્દુ જૈન :**<br>તેઓ ભારતની સૌથી મોટી મિડિયા કંપની ટાઈમ્સ ગૃપના ચેર પર્સન છે. આ ઉપરાંત તેઓ ટાઈમ્સ ફાઉન્ડેશનની સ્થાપના કરી વિવિધ સામાજિક સેવાઓ પણ કરે છે. તેઓ FICC ના લેડિઝ વિંગના FLO ના સ્થાપક પ્રમુખ પણ છે. |
| 6 | **શેહનાઝ હુસેન :**<br>તેઓ ભારતમાં હર્બલ કેર ક્ષેત્રે પાયોનિયર છે. તેમણે આયુર્વેદિક ઢબથી બ્યુટી પ્રોડકટો બનાવી વિશ્વ પ્રખ્યાત થયા છે. તેમની બ્યુટી કંપની ૫૦૦ થી પણ વધુ પ્રોડકટો દૂનિયાભરમાં વેચી રહી છે. |
| 7 | **રમા બન્સ :**<br>ભારતમાં એરોબિકસનો પાયો નાખનાર પ્રખ્યાત ફિટનેસ ગુરુ છે. તેમણે પ્રખ્યાત હોટલો જેવી કે તાજ ગૃપ, વેલકમ ગૃપ, ઓબેરોય ગૃપ, વગેરે હેલ્થ કલબો શરૂ કરી હતી. ઉપરાંત ઈન્દિરા ગાંધી તથા અન્ય મહાનુભાવો સાથે પણ કામ કરેલું તથા મિસ ઈન્ડિયા સ્પર્ધકોને ફિટનેસની વિશ્વસ્તરીય તાલીમ પણ આપેલી છે. |
| 8 | **નૈનાલાલ કિડવાઈ :**<br>તેઓ ડિસેમ્બર ૨૦૧૨ માં FICCI ના અધ્યક્ષ તરીકે નિમણૂંક થઈ છે. જે FICCI (Formation of Indian Chamber of Commerce & Industry ) ના પ્રથમ મહિલા અધ્યક્ષ છે. તેઓ HSBC માં CEO હતા. ઉપરાંત તેઓ હાવર્ડ બિઝનેસ સ્કુલમાંથી ગ્રેજ્યુએટ થનાર પ્રથમ ભારતીય હતા. ૨૦૦૬માં સ્ટ્રીટ જર્નલમાં સકસેસફુલ વુમનની યાદીમાં તેમને સ્થાન મળ્યું હતું. |
| 9 | **બરખા દત્ત :**<br>ભારતના એક અગ્રણી જર્નાલીસ્ટ તરીકે સમાવેશ થાય છે. |
| 10 | **દીના વકીલ :**<br>ભારતના એક અગ્રણી જર્નાલીસ્ટ તરીકે સમાવેશ થાય છે.તેઓ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના નિવાસી તંત્રી તરીકે નિમણૂંક મેળવનાર પ્રથમ મહિલા છે. |
| 11 | **ચંદા કોચર :**<br>તેઓ ભારતની સૌથી મોટી બેન્ક ICICI બેન્કના CEO તથા MD છે. તેઓ ફોરચ્યુન મેગેઝીનની વિશ્વના પાવરફુલ બિઝનેસ વુમન તથા ફોર્બ્સની મોસ્ટ પાવરફુલ વર્લ્ડ વુમનની યાદીમાં પણ સ્થાન મળેલ છે. બેન્કિંગ સર્વિસમાં મહત્વપૂર્ણ ભૂમિકા બદલ તેમને ૨૦૧૦માં પદ્મવિભુષણ પુરસ્કાર અપાયો હતો. |
| 12 | **સત્યા શરણ :**<br>તેઓ અગ્રણી મેગેઝીન ફેમિનાના તંત્રી પદે રહેનાર અગ્રણી જર્નાલીસ્ટ છે. તેઓ ફેમિના મિસ ઈન્ડિયા સ્પર્ધકોની પસંદગી તાલીમ વગેરે જેવી મહત્વની કામગીરી નિભાવી છે. |
| 13 | **ઈન્દિરા નુયી :**<br>તેઓ ૨૦૦૭ થી પેપ્સિ કો.ના ચેરપર્સન અને CEO છે. |
| 14 | **સાવિત્રી જિંદાલ :**<br>તેઓ જિંદાલ ગૃપના ચેરપર્સન તથા દેશના સૌથી ધનાઢય મહિલા છે. ઉપરાંત ૨૦૦૫ થી હિસારના ધારાસભ્ય તરીકે પણ કામગીરી નિભાવી રહયા છે. |

www.marugujarat.in

| | |
|---|---|
| 15 | **ચિત્રા રામકૃષ્ણ :**<br>તેઓ દેશના અગ્રણી સ્ટોક માર્કેટ NSE.ના પ્રથમ મહિલા .CEO તથા MD.બન્યા છે. |
| 16 | **શિખા શર્મા :**<br>દેશની અગ્રણી બેન્ક એક્સિસ બેન્કના CEO. છે. આ પહેલા તેઓ પ્રુડેન્સીયલ લાઈફ ઈન્સ્યોરન્સના CEO. હતા. |
| | **સરકારી સેવા** |
| 1 | **કિરણ બેદી :**<br>૧૯૭૨માં ભારતના પ્રથમ IPS.ઓફિસર બન્યા હતા. પોલીસ કાર્યપ્રણાલીમાં અને જેલમાં અનેક પ્રકારની સુધારણા કરવામાં તેમની અગત્યની ભૂમિકા છે. તેમણે વડાપ્રધાનની ખોટી જગ્યાએ પાર્ક કરેલ કાર ક્રેન દ્વારા ઉંચકીને લઈ ગયા હતા આથી દિલ્હી વાસીઓ તેમને ક્રેન બેદી કહેવા લાગ્યા હતા.<br>તેઓ UNO.માં પોલીસ એડવાઈઝર તરીકે કામ કર્યુ હતું. તેમને મેગ્સેસે એવોર્ડ, મહિલા શીરોમણી એવોર્ડ, પ્રાઈડ ઈન્ડિયા એવોર્ડ વગેરે મળ્યા છે.<br>તેમણે 'ઈટસ ઓલવેઝ પોસિબલ' નામનું પુસ્તક તથા બે આત્મકથાઓ 'આઈડેર' 'કાઉન્ટલી બેટન' લખી છે.<br>હાલમાં તેઓ ભ્રષ્ટ્રાચાર વિરોધી લડત ચલાવે છે તથા નવજયોતિ અને ઈન્ડિયા વિઝન નામની .NGO.દ્વારા ગરીબ અને નિ:સહાય બાળકોને શિક્ષા આપવાની સાથે નશામુકિત માટેની કામગીરી બજાવે છે. |
| 2 | **લીલા શેઠ :**<br>તેઓ ભારતની કોઈપણ હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ હતા.<br>તેઓ ૧૯૯૨માં હિમાચલ પ્રદેશના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિવૃત થયા છે. |
| 3 | **જસ્ટીસ એમ ફાતિમા બીબી :**<br>તેઓ સુપ્રિમ કોર્ટમાં નિમાયેલા પ્રથમ ન્યાયાધીશ હતા. ઉપરાંત તેઓ નેશનલ હયુમન રાઈટ કમિશનના સભ્ય તથા તમિલનાડુના રાજયપાલ પણ રહયા હતા. |
| | **અન્ય ક્ષેત્રે** |
| 1 | **ડૉ.વંદના શિવા :**<br>તેમણે પર્યાવરણ સંવર્ધન અને સુરક્ષા ક્ષેત્રે નોધપાત્ર કામગીરી કરી છે. તેમને ૧૯૯૩માં રાઈટ લવલી હુડ પુરસ્કાર તથા ધ ઈન્ટરનેશનલ અર્થ ડે પુરસ્કાર પણ અપાયા હતા. |
| 2 | **નંદીની પંડયા :**<br>તેઓ પર્વતારોહણ ક્ષેત્રે પ્રખ્યાત છે. |
| 3 | **રોમીલા થાપર :**<br>તેઓ દેશના પ્રખ્યાત ઈતિહાસકાર છે. |
| 4 | **હરકુંવર શેઠાણી :**<br>તેમની ગણના ગુજરાતમાં એક દાનેશ્વરી તરીકે થાય છે. તેમણે અમદાવાદમાં પ્રખ્યાત હઠીસિંહના દેરા બંધાવ્યા હતા. |
| 5 | **બચેન્દ્રી પાલ :**<br>તેઓ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય મહિલા છે. તેમણે ૧૯૮૪ માં માઉન્ટ એવરેસ્ટ સર કર્યુ હતુ. ઉપરાંત તેમણે હિમાલયના ઘણા શિખરો સર કરીને ભારતના પ્રખ્યાત પર્વત આરોહક બન્યા છે. હાલમાં તેઓ પર્વતારોહણ પ્રશિક્ષણ સંસ્થા ચલાવે છે. |

www.marugujarat.in



For More Free Study Materials Visit www.marugujarat.in